Extra No. 38

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVII ]          THURSDAY, JANUARY 15, 2026 / PAUSHA 25, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી જાન્યુઆરી, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના તારીખઃ ૨૦મી ડિસેમ્બર, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જીઆર/૨૦૨૫/૧૬૭/એલઈડી/ડબલ્યુઆરટી/ઈ-ફાઈલ/૧૧/૨૦૨૫/૦૮૧૨/એમ૧-સેક્શન.-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

**રાજેશ આર. રાઠોડ,**

સરકારના નાયબ સચિવ.

**NOTIFICATION**

***Regarding***

**The Deputy Director (Chemical), Industrial Safety and Health, Class I, in the Gujarat Industrial Safety and Health Service, under the Directorate of Industrial Safety and Health, Gujarat State, Recruitment Rules, 2025**

**ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય નિયામક, ગુજરાત રાજ્ય-ની કચેરી હેઠળની ગુજરાત ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય સેવામાં, નાયબ નિયામક (રસાયણ), ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૨૫ સંબંધી**

**જાહેરનામું**

**શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી ડિસેમ્બર, ૨૦૨૫

**ભારતનું સંવિધાન.**

**ક્રમાંક: જીઆર/૨૦૨૫/૧૬૭/એલઈડી/ડબલ્યુઆરટી/ઈ-ફાઇલ/૧૧/૨૦૨૫/૦૮૧૨/એમ૧-સેક્શન:-** ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય નિયામક, ગુજરાત રાજ્ય-ની કચેરી હેઠળની ગુજરાત ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય સેવામાં, નાયબ નિયામક (રસાયણ), ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, વર્ગ ૧ની જગા ઉપર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઇ કરવા નીચેના નિયમો કરે છેઃ-

૧. (૧) આ નિયમો ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય નિયામક, ગુજરાત રાજ્ય-ની કચેરી હેઠળની ગુજરાત ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય સેવામાં, નાયબ નિયામક (રસાયણ), ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે, રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય નિયામકની કચેરી હેઠળની ગુજરાત ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય સેવામાં, નાયબ નિયામક (રસાયણ), ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, વર્ગ ૧ની જગા પરની નિમણૂક, જેણે,-

(ક) ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય નિયામકની કચેરી હેઠળની ગુજરાત ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય સેવામાં, મદદનીશ નિયામક (રસાયણ), ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, વર્ગ ૧-ના સંવર્ગમાં ઓછામાં ઓછું પાંચ વર્ષ સુધી કામ કરેલું હોય;

(ખ) સરકાર ઠરાવે તેવી ખાતાકીય પરીક્ષા પાસ કરેલી હોય; અને

(ગ) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઇઓ અનુસાર, કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,

- તેવી વ્યકિતઓમાંથી ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭-માં ઠરાવ્યા પ્રમાણે બઢતી માટે યોગ્ય ગણાવા માટે વિચારણાના ક્ષેત્રની અંદર, “ઘણા સારા” નો આધાર-ચિહ્ન ધરાવતી હોય તેવી વ્યક્તિની બઢતીથી કરવી જોઇશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે ઉપર ખંડ (ક)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યકિત બઢતી માટે ઉપલભ્ય નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યકિતને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર ખંડ (ક)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતા ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી હોય તેવી વ્યકિતને બઢતી આપી શકશે.

૩. બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવાની રહેશે અને તેવી પરીક્ષા પાસ કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**દૃષ્ટિ શાહ,**

સરકારના નાયબ સચિવ.

--------



Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.02.02 13:54:42 IST